# ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત પ્રવેશ કન્ફર્મ (કાયમ) કરાવવાની પ્રક્રિયા તથા Reshuffling માં ભાગ લેવા માટેની પ્રક્રિયા

1. જે વિદ્યાર્થીઓ માટે ટ્યૂશન ફી ની રકમ જમાં કરાવવાની છે તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં જરૂરી ટ્યુશન ફીની રકમ રોકડમાં દેના બેંકની નિર્ધારીત શાખા અથવા ઓનલાઈન જમા કરાવી ત્યારબાદ ઉમેદવારે પોતાનાં Login IDમાંથી **Admission Detail** ઉપર ક્લિક કરી પોતાની "Admission Slip" ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે.
2. જે ઉમેદવારોની Payment Slip માં શૂન્ય ફી (Zero Fee) દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ બેંકમાં જવાની જરૂર નથી. આવા ઉમેદવારોએ પોતાનાં Login ID ની મદદથી ઓનલાઈન જ પ્રવેશ કાયમ કરાવવાનો રહેશે. આવા ઉમેદવારો પોતાના પ્રવેશ કાયમ કરાવવા માટે **Result —> Information Letter** ક્લિક કરી **Accept** બટન દબાવવાનું રહેશે અને "Admission Slip" ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે. જે ઉમેદવારો **Decline** બટન દબાવશે તેઓનો પ્રવેશ કાયમ થશે નહીં અને આવા ઉમેદવારો ત્યારબાદનાં પ્રવેશનાં તબક્કામાં, જો કોઈ તબક્કો હાથ ધરવામાં આવે તો, તે જ બેઠક ઉપર પ્રવેશનાં હકદાર રહેશે નહીં.
3. બેઠક ફાળવાયેલ ઉમેદવાર નિયત તારીખ સુધીમાં ફી જમા નહીં કરાવે તો તેઓને ફાળવાયેલ પ્રવેશ આપોઆપ રદ થશે. આવા ઉમેદવારો ઓનલાઈન સંમતિ આપી રીશફલીંગ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે, જે તે રાઉન્ડમાં ફાળવવામાં આવેલ પ્રવેશ કાયમ કરાવવા માટે નિયત સમયમર્યાદામાં દેના બેંકની નિર્ધારિત શાખામાં અથવા Online gatway થી ટોકન ફી જમા કરાવવી.
4. પ્રવેશ કાયમ કરાવ્યા બાદ બીજા રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છતા હોય, **તેવા ઉમેદવારોએ સંસ્થા ખાતે રિપોર્ટીંગ કરવાની જરૂરિયાત નથી.**
5. બીજા રાઉન્ડમાં ભાગ લેવા માટે ઉમેદવારોએ તા. ૧૪-૦૭-૨૦૧૬ થી તા. ૨૪-૦૭-૨૦૧૬ સુધીમાં પોતાના User-ID અને Password ની મદદથી www.gujacpc.nic.in વેબસાઈટમાં log-in થઈ, Reshuffling માં ભાગ લેવા માટેની **ઓનલાઈન સંમતિ (Consent)** આપવાની ફરજિયાત રહેશે અન્યથા બેઠક ફાળવણીની પ્રક્રિયામાં સમાવેશ થશે નહીં.
6. કાઉન્સેલીંગના બીજા તબક્કામાં ભાગ લેવા માટે સંમતિ (Consent) આપનાર ઉમેદવાર ઈચ્છે તો પોતાની પસંદગી યાદી (Choice list)માં ફેરબદલ કરી શકશે અને/અથવા નવી પસંદગી ઉમેરી શકશે અન્યથા તેઓ દ્વારા અગાઉ કરવામાં આવેલ પસંદગી યાદી કાયમ રહેશે.
7. આપનાથી ઉચ્ચ મેરીટ ધરાવતા ઉમેદવારોને પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર દર્શાવેલ ખાલી બેઠકમાં પ્રવેશ મળવાની શક્યતાના લીધે તેઓ દ્વારા ખાલી થતી આનુષાંગીક બેઠકોને ધ્યાને લઈ ખાલી બેઠકોની યાદીમાં સામેલ ન હોય તેવી બેઠકોની પણ પસંદગી (Choice) ભરવા આપને સલાહ આપવામાં આવે છે.
8. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવાયેલ ઉમેદવાર જો બીજા રાઉન્ડમાં ભાગ લેવા માટેની ઓનલાઈન સંમતિ આપશે, અને બીજા રાઉન્ડમાં ભાગ લેશે ત્યારે તેઓની પસંદગીનાં આધારે જો બીજા રાઉન્ડમાં પ્રવેશ ફેરબદલ થશે, તો પ્રથમ રાઉન્ડમાં ફાળવવામાં આવેલ પ્રવેશ આપોઆપ રદ્દ થઈ જશે.
9. જો બીજા રાઉન્ડમાં પ્રવેશ ફાળવવામાં નહીં આવે અને નિયત સમયમર્યાદામાં જો પ્રથમ રાઉન્ડનો પ્રવેશ કન્ફર્મ કરાવેલ હશે, તો પ્રથમ રાઉન્ડ ઉપર ફાળવવામાં આવેલી બેઠકનો પ્રવેશ ચાલુ રહેશે.
10. બીજા રાઉન્ડમાં જો આપને પ્રવેશ ફાળવવામાં આવે તો ઉપરોક્ત દર્શાવેલ ક્રમ 1 અને 2ની પ્રક્રિયા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
11. ઉમેદવારો તેઓનો પ્રથમ રાઉન્ડનો પ્રવેશ કાયમ કરેલ હોય અને બીજા રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છતા ન હોય તો, ઉમેદવારે પ્રવેશ ફાળવાયેલ સંસ્થા ખાતે એનરોલમેન્ટ માટે "Information Letter", "Admission Slip", બેન્ક ચલણ તથા પ્રમાણપત્રોની નકલ સાથે હાજર થઈ શકશે. સંસ્થા ખાતે ઉમેદવારે અસલ પ્રમાણપત્રો જમાં કરવાના રહેશે નહીં. **જ્યાં સુધી પ્રવેશ સમિતિ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા અંગે જાહેરાત કરવામાં ન આવે ત્યાં સુધી ઉમેદવારે સંસ્થા ખાતે કોઈપણ પ્રકારની ફી ભરવાની રહેશે નહીં.**

તા. ૧૨-૦૭-૨૦૧૬

— મેમ્બર સેક્રેટરી